Namo Siddhanam Arham Passam Vandami

# SAMYAG GYAN SHALA

## Samyag Gyan Thi Super Star

6, Shanti Niketan Soc, B/h Gujarat College, Nr. Hotel Inder Residency, Ellisbridge, Ahmedabad-380006, Gujarat, India.

## સમ્યગ્ જ્ઞાનશાળાના નિયમો

- સમ્યગ્ જ્ઞાનશાળાનો સમય દર શનિવારે સાંજે 5.00 થી 6.00 નો કે 7.00 થી 8.00 વાગ્યા સુધી અને દર રવિવારે સવારે 9.30 થી 11.30 કે 2.30 થી 4.30 સુધીનો રહેશે.
- સમ્યગજ્ઞાન શાળા શરૂ થતાં સમય બાદ માત્ર પાંચ મિનિટ સુધી જ હાજરી પુરવામાં આવશે નહીં.
- સમ્યગ્ જ્ઞાનશાળામાં બાળકોની ઉંમર મુજબ તેમાં અભ્યાસ આધારિત વિભાગ પાડવામાં આવશે. (વિનય ગ્રુપ- 3 થી 8 વર્ષ, વિવેક ગ્રુપ-9 થી 13 વર્ષ, વિરક્ત ગ્રુપ- 14 થી 25 વર્ષ)
- દરેક ગ્રુપના બાળકોએ સમ્યગ્ જ્ઞાનશાળાના શિક્ષકોને **"નમો જય જીનેન્દ્ર"** કહેવું.
- દરેક ગ્રુપના બાળકોએ સમ્યગ્ જ્ઞાનશાળાના શિક્ષિકા બહેનો તથા ભાઈઓને **"ટીચર"** કહી સંબોધન કરવું.
- સમ્યગ્ જ્ઞાનશાળાએ આવતી વખતે સંપૂર્ણ કિટ તેમજ જૈનીઝમ જૂનીયર સિનિયર બુક / ફાઈલ / ડાયરી અવશ્ય સાથે લાવવી. આઈકાર્ડ અવશ્ય પહેરવું તથા ભરવા આપેલ એક્ટિવીટી પેપર પણ સાથે લાવવાના રહેશે.
- સમ્યગ્ જ્ઞાનશાળામાં આવતી વખતે બાળકોએ સફેદ ગણવેશ પહેરીને આવવાનું રહેશે.
- વિદ્યાર્થીઓને જે કોઈ પ્રોજેક્ટ / એક્ટીવીટી / પેપર આપવામાં આવે તે નિયત સમયે પરત કરવાના રહેશે.
- સમ્યગ્ જ્ઞાનશાળામાં જે તે વિષયના અભ્યાસ અંતે દરેક વિદ્યાર્થીને એક્ટીવીટી પેપર આપવામાં આવશે જેના જવાબો વિદ્યાર્થીએ ઘરેથી (પુસ્તક, માતા-પિતા- વડીલો વિગેરે ની સહાય લઈને પણ) તૈયાર કરીને ટિચર ને જમા કરાવવાનું રહેશે. દરેક એક્ટીવીટીના જવાબ પત્રો એક અઠવાડિયામાં જ જમા કરાવવાના રહેશે તથા તેના માર્કસ પણ ફાઈલ સાથે જોડવામાં આવશે. (જો એક્ટીવીટી પેપર ભરવાના બાકી હોય તો ચાલુ ક્લાસે ભરવા બેસવું નહી.)

- સમ્યગ્ જ્ઞાનશાળામાં કોઈપણ બાળક ગેરહાજર હશે તો તે વાલી/બાળકે એક્ટીવીટી પેપર ટીચર પાસેથી મેળવી લેવાના રહેશે તથા જમા કરવાના રહેશે. જો ચુકી જશે તો તેના માર્કસ ગણાશે નહીં જેની ખાસ નોંધ લેવી.
- સમ્યગ્ જ્ઞાનશાળામાં વર્તમાન સમયને અનુરૂપ સંસ્કાર વિભાગ/વાર્તા/ વિવિધ ગેઈમ/ પ્રેક્ટિકલ/ શિક્ષણ/ પ્રોજેક્ટ/ એક્ટીવીટી પેપર/ દર્શનયાત્રા/ પીકનીક/ શિબિર તેમજ પરિક્ષાનું આયોજન કરવામાં આવશે તેની સાથે મૂળ જૈન ધર્મના પાયારૂપ સામાયિક તેમજ પ્રતિક્રમણ વિગેરેના અભ્યાસ ઉપર ખાસ ભાર મૂકવામાં આવશે.
- સમ્યગ્ જ્ઞાનશાળામાં બાળક ધાર્મિક અભ્યાસમાં કેટલી પ્રગતિ કરે છે તે અંગેની ચોક્કસ માહિતી વાલીઓએ રાખવી તેમજ તેનું સમયે- સમયે અવલોકન કરતા રહેવું.
- સમ્યગ્ જ્ઞાનશાળામાં આવતા ધાર્મિક અનુષ્ઠાનો જેવા કે તપ, શિબિર, ધાર્મિક સંવાદ, સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરેમાં બાળક ભાગ લે તેમજ હાજરી આપે તેનું ધ્યાન વાલીઓએ અચૂક રાખવું.
- બાળકની શનિવારની હાજરી ના 10 તથા રવિવારની હાજરીના 15 પોઈન્ટ જમા કરવામાં આવશે.
- સમ્યગ્ જ્ઞાનશાળામાં અપાતી દરેક સૂચનાનું ખાસ ધ્યાન રાખવું.
- વાલીઓએ બાળકની ડાયરી નિયમિત રીતે ચેક કરી સહી કરી આપવાની રહેશે.
- સમ્યગ્ જ્ઞાનશાળા અંગેના કોઈ સૂચનો/પ્રશ્નો હોય તો વિદ્યાર્થીએ કે વાલીએ ક્લાસ ટીચર અથવા પ્રિન્સીપાલ નો સંપર્ક કરવો.